

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧




એક નાથે ત્યાં અનેક સમસ્યાઓ જાગે છે,
નિવેડા તો લાવતી નથી, પ્રશ્નોથી ભાગે છે,
રાગે રાગે મૂકે ચર્ચા સંડોવે સમિતિને -
તૂટું તૂટું સરકાર, સૌના ટેકા માગે છે




નશો કરીને
નાચવાની 'સુરક્ષા'
બેફામ બની..

..ને કુપોષણે
શ્રી જયનારાયણનો
લૈ લીધો ભોગે

## ચિંતન

**મહાનદી તરણં મહાપુરૂષ વિગ્રહમ્,**
**મહાજન વિરોધં ચ દૂરતઃ પરિવર્જયેત ॥**

'મોટી નદી તરવાનું, મોટા પુરૂષ (સ્થાન અને હોદ્દાની રીતે) સાથે ઝઘડો કરવાનું, અને જ્ઞાતિ-સમાજ-ગામના નેતા-વડીલ સાથે વિરોધ કરવાનું - આ ત્રણે નેતા-વડીલ સાથે વિરોધ કરવાનું, આ ત્રણ બાબતોથી દૂર રહેવું - અથવા એનો ત્યાગ જ કરવો.'

જે નદીનો પટ વિશાળ હોય અને ઊંડાઇ ગહન હોય, તેના પ્રવાહનો સાચો અંદાજ આવતો નથી. વળી ગમે તેવો તારૂ (તરણવિદ્યાનો જાણકાર) પણ જયારે વિરૂદ્ધ દિશાના પ્રવાહને કાપવાનો કે ઓળંગવાનો હોય ત્યારે અચાનક થાકી જવાય છે તેથી વિશાળ પટવાળી મહાનદીને ઓળંગવાનું સાહસ કરવું નહીં.

સત્તા સામે પડવામાં શાણપણ નહીં, જેની પાસે સત્તા હોય-શક્તિ અને સંગઠ્ઠનનું બળ હોય ત્યાં વિરોધ ન કરવો, સત્ય હોય છતાં પોતાના મત-અભિપ્રાય પણ જાહેર ન કરવો. ઠાકરેના અવશાન વખતે 'મહારાષ્ટ્ર બંધ'ની યોગ્યતા બાબતે માત્ર નિખાલસ ચર્ચા કરનારાને પણ 'શિવસૈનિકો'એ કચડી-છૂંદી-નાખી-રાજાઓ-ઠાકુરો-પોલીસની સામે ન પડાય.

જ્ઞાતિ-સમાજના વડા મહાજન કહેવાય. વ્યક્તિને સારા-માઠે પ્રસંગ સમાજ સાથે સંબંધ રાખવો પડે છે. કોઇ બાબતના નિર્ણયમાં મહાજન દોષિત હોય તો પણ મૌન રહેવું.

આ ત્રણનો વિરોધ તો ન જ કરાય, તેમની સામે પણ ન પડાય, કોઇ વિરોધ કરતું હોય તો એ કંકાસથી પણ દૂર રહેવું.

## સુવિચાર

- સમય જીવન છે, સમયનો બગાડ એ આત્મહત્યા છે **- હિટલર**
- વિતેલો સમય અને બોલેલા શબ્દો કદાપિ પાછા આવતાં નથી **- બુલ્વર લિટન**
- સમય સૌથી ઉત્તમ શિક્ષક છે **- પેરી ક્લિઝ**
- કરોડો ખર્ચતાં પણ એક ક્ષણ પાછી મળતી નથી, આપણે કલાકોનાં કલાકો વિના કારણ વેડફી નાખીએ છીએ **- એસ.ભટાચાર્ય**
- જો તમે સમય નષ્ટ કરશો તો સમય તમને નષ્ટ કરશે **- શેક્સપિયર**
- શ્રમ કરનારને વિશ્રામનો સમય મળતો નથી અને આળશુને આળશ ભોગવવા સમય મળતો નથી **- જિમર મૈન**
- સંસ્કૃતિના નિર્માણ માટે સદીઓનો સમય જોઇએ પણ તેના વિનાશ માટે એક ક્ષણ પુરતી છે **- સેનેકા**

## બોધ કથા

આજના યુગમાં ભલાની સાથે ભલાઇ કરવી પણ દુર્જન-દુષ્ટ-લુચ્ચાં જનોની સાથે તો તેના જેવો જ વ્યવહાર કરવો તો જ એવા લોકો સામે ટકી શકાય-ઉભા રહેવાય.

એક ગરીબ કઠિયારો ચાર પૈડાંની લારીમાં ભરી લાકડાં વેંચવા નિકળતો. એક લુચ્ચા શેઠ દૂકાનદારને પોતાની દૂકાન માલની હેરફેર માટે એક લારીની જરૂર હતી. તેની નજર કઠિયારીની લારી પર બગડી હતી. નગરશેઠ તેનો મિત્ર હતો. ન્યાયાધીશનું કામ પણ એ સંભાળતો. એક દિવસ નગરશેઠની હાજરીમાં દૂકાનદારે બોલાવ્યો અને કહ્યું, 'આ આખી લારીનું કેટલું?' કઠિયારો કહે, 'પચાસ રૂપિયા' દૂકાનદારે પચાસ રૂપિયા આપી દીધા, અને લારી સહિત લાકડાં રાખી લીધાં, વિવાદ થયો, નગરશેઠે ન્યાય દીધો, કહ્યું દૂકાનદારે 'આખી લારીનું કેટલું?' એ શબ્દ કહેલા. માટે તું હાર્યો. કઠિયારો નિરાશ થઇ ઘેર ગયો. પુત્રીને વાત કરી. પુત્રી કહે કંઇ વાંધો નહીં, હું તેનો બદલો લઇશ. ચિંતા ન કરશો.

થોડા સમય પછી દૂકાનદારને પોતાનો વૃધ્ધ ઘોડો વેંચવાનો હતો. ઘોડા પર ચાંદી મઢેલું જીન હતું. દીકરી ઘોડા લેવા ગઇ. આ નગરશેઠની તો એને ત્યાં બેઠક હતી. દીકરી કહે 'મારે આ ઘોડો લેવો છે.' દૂકાનદાર કહે, આ ઉભો, સો રૂપિયા આપ ને લઇ જા! દીકરીએ પૈસા આપ્યા. શેઠે મોંઘી કિંમતનું જીન ઉતારવા ગયા. દીકરીએ વિરોધ કર્યો. પણ ફાવ્યા નહીં. અંતે કઠિયારાની ગાડી પાછી આપવી પડી.

# ઇંદિરા તે રખાતું હશે! નરેન્દ્ર મોદીના રાજમાં? નાહકની મારે કટોકટી વહોરવાની?

## અનામિકા

- કેશુભાઈ દેસાઈ

'ઈલા અને ઈંદિરા જેવાં નામ તો જૂના લાગે.'

એમે ચહેરા પર અસ્વીકૃતિનો ભાવ આણી ઉમેર્યું : 'તમને તો મામા, પાસંઠ-સડસઠ થયાં હશે ને? તમારી ટેક્સ્ટ બુકમાં આવતું એ જ કાવ્ય અમારી પેઢી ભણી, પણ આ નવી પેઢીને એ જૂનું ઈલા કાવ્ય ગમે ખરૂં? તમે જ કહો.' નામ પાડી આપવું એ મામાનું કામ ન ગણાય. મારે મામો થઈને ફોઈનું કામ કરવા વારો આવ્યો હતો. ગુજરાતીનો શિક્ષક હતો; આજકાલ છૂટક લેખો લખું છું - એ મારો ગુનો.

ભાણાભાઈ બે કલાકથી જીવ ખાઈ રહ્યા છે. એમને ત્યાં લક્ષ્મી જન્મી છે એનો આનંદ વહેંચવા આવ્યાં છે. જલેબી ખવરાવીને એની કિંમત વસૂલી રહ્યા હોય એમ ખાઇ ખપૂચીને વળગ્યાં છે : બેબીની મમ્મીએ કહ્યું છે કે મામા તો શબ્દોનાં સોદાગર છે. એમને પૂછશો એટલે નામોનો ધોધ વહેશે, પણ આપણે તો આ બેબીનું નામ રાશિ પ્રમાણે જ પાડવાનું છે. અ,લ અને ઈ - મેષ રાશિનું સારૂં નામ શોધી કાઢવાનું કહેજો!

મેં મેષ રાશિનું ત્રીજું નામ સૂચવ્યું : 'ચાલો ત્યારે, ઈલા નહીં તો લીલા! લીલાવતી...'

ભાણાભાઈ નારાજ થઈ ગયા : 'એવું ઘરડું નામ તે ચાલતું હશે? એ તો પ્રિયંકાની મમ્મીની મમ્મીનું નામ લાગે!'

મારાથી ન રહેવાયું એટલે પૂછી બેઠો : 'તમે ખબર છે ખરી? લીલાવતી કોણ હતી એ?'

'હશે કોઈ શેઠિયાની બૈરી. મુંબઈમાં લીલાવતી હૉસ્પિટલ છે જ ને વળી!' મને આ ઈજનેર-કમ-બિલ્ડર ભાણેજ સાથે લાંબી માથાઝીંક કરવામાં ઔચિત્ય ન લાગ્યું. એને સંસ્કૃતિના 'સ'ની સૂઝ નથી, ત્યાં એની આગળ ઈલા કે લીલાનો ઈતિહાસ વર્ણવી નાહક થૂંક વલોવવાથી કશો અર્થ સરે એમ નહોતો. એકાએક મને 'અર્થ' શબ્દ પરથી નામ બનાવી આપવો આઈડિયા આવ્યો, મને થયું આખેઆખી જિંદગી 'અર્થ' કહેતાં ધનસંપત્તિ અને અંગ્રેજી મુજબ earth એટલે કે જમીન સાથે જોડાયેલાં જીવને એનું નામ જરૂર ગમશે.

'આર્થિકા' કેવું રહેશે? આમેય તમે એના આગમનને લક્ષ્મીનું જ અવતરણ તો માની લીધું છે!' હું એમના ચહેરા પર કેવો પ્રતિભાવ પ્રગટે છે એની પ્રતિક્ષા કરતો રહ્યો.

'આર્થિકા આમ તો નવું નામ જરૂર લાગે પણ બોલવામાં તકલીફ નહીં પડે? પ્રિયંકા પાછી સુરતી ઉચ્ચારોમાં વાત કરવાં ટેવાયેલી છે. એ 'થ'નો 'ઠ' જ કરી નાખે! 'આર્ઠિકા' કંઈ જામે નહીં. લોકો હાંસી ઉડાવે. કહેશે પાડી પાડીને આવું નામ પાડી આપ્યું બેબીનાં ફોઈબાંએ!' એણે અનાસુરતે પણ મને 'મામા'માંથી 'ફોઈબા' બનાવી જ દીધો. જોકે મને પણ ઊંડે ઊંડે કશુંક અજુગતું તો લાગેલું : 'અર્થી - અર્થી કરે લોકો.'

મારાથી બબડી જવાયું.

''અર્થી' નામ સરસ છે. ફક્ત એની મમ્મીને થોડી પ્રેક્ટિસ પાડવી પડે. 'થ'નો 'ઠ' ના થઈ જાય એની.' ભાણાભાઈને 'અર્થી' નામ ગમી ગયું. મને થયું : મારે વેળાસર ચોખવટ કરી દેવી જોઈએ. કાલે છોકરી મોટી થાય અને પૂછે કે આવું 'નનામી' જેવું નામ કોને પૂછીને પાડ્યું'તું - ત્યારે મારી ઈજ્જત તો ગધેડે જ ઘવાય કે બીજું કાંઈ!

''અર્થી' શબ્દ હિંદીમાં જરા જુદા અર્થમાં વપરાય છે.' મારા ચહેરા પર ગમગીનીનો ભાવ જોઈ એ બોલ્યા : 'આપણને એ ભૈયાઓની ભાષા સાથે શું લાગે-વળગે? 'અર્થ એટલે તો ધન, ખરૂં કે નહીં? એના ઉપરથી જ 'અર્થશાસ્ત્ર' શબ્દ આવ્યો હશે ને!'અર્થી' એટલે ધનવાન!'

હું ભાણાભાઈના ભાષાજ્ઞાન પર આફરીન પોકારી ગયો : 'એમ તો આ અડધું પડધું ઈંગ્લિશ નામમાંયે ખપી જાય! અંગ્રેજીમાં 'અર્થ' એટલે ધરતી. તમે લોકો રિયલ એસ્ટેટ સાથે સંકળાયેલા એટલે તમારી જમાતમાં તો આ નામ એકદમ ક્લિક થાય. જો કે મારો અંતરાત્મા કકળી ઉઠ્યો: 'છતાં હિંદી સિનેમા અને સિરીયલો જોનારી આપણી મહિલાઓને એ નામ અનશુકનિયાળ જ લાગશે. એમને તો 'અર્થી' શબ્દ સાંભળતાંવેંત આંસુ આવી જશે!'

મને મારા જ ઉત્તરમાં મેષ રાશિનું ઉત્તમ નામ મળી આવ્યું : 'અશ્રુ'. મેં કહ્યું : 'અત્યાર સુધી કોઈએ ના રાખ્યું હોય એનું નામ રાખવું બે બેબીનું? 'અશ્રુ' કેવું કરૂણાનું પ્રતીક છે!'

'આખી જિંદગી રોતી ને રોતી રાખવાની બિચારી છોકરીને! એવું નામ ના રખાય મામા. પ્રિયંકા કહેશે, મામાને સૂઝી સૂઝીને આવું રોતલ નામ જ સૂઝ્યું? મારી લાકડી શું કામ રડે? રડાવે નહીં કે એનાં સાસરિયાંને!'

મને હસવું કે રડવું એ ન સમજાયું. મૈથિલીશરણ ગુપ્તની પ્રખ્યાત પંક્તિઓ યાદ આવી ગઈ :

અબલા - જીવન હાય, તુમ્હારી યહી કહાની?
આંચલ મેં હૈ દૂધ ઔર આંખો મેં પાની...

મારા હોઠે ઓચિંતાં બીજાં બે નામ ચડી ગયાં : અબલા, આંચલ... પણ હું સંભવિત પ્રતિક્રિયા કલ્પી દેખીતી રીતે જ એ સૂચવી શક્યો નહીં. દરમિયાન મેં સાર્થ જોડણીકોશ ખોલી અ, લ, ઈ ઉપરથી શબ્દો શોધી યાદી બનાવવા માંડી. 'એમ તો 'અક્ષિ' પણ સરસ નામ લાગે! પક્ષી સાથે પ્રાસ મળે. અક્ષિ એટલે આંખ. છોકરી એટલે આંખ જ તો! દુનિયામાં જોવાલયક વસ્તુ હોય તો એ છે છોકરીની આંખ!' હું જરા વધુ પડતો રોમાંટિક બની ગયો. ભાણાભાઈ એ મુદ્દે થોડા જૂનવાણી વિચારો ધરાવે છે. 'એવું નામ પાડીને મારે મારી દીકરીને શરમજનક સ્થિતિમાં નથી મુકી દેવી. એની આંખ સામે આંખ મિચકારતા ફરે નવા જમાનામાં લફંગાઓ - મારાથી એ પરિસ્થિતિ જીરવાય ખરી? સાલાઓની આંખો જ ખેંચી કાઢું!' એમણે હિંદી ફિલ્મોના ઍન્ગ્રીયંગમેન જેવા આંત્રિક અભિનય કર્યો. ચહેરા પર લોહી ધસી આવ્યું, કે તરત મને નવું નામ સૂઝ્યું : લાલિમા! - મેષ રાશિનું જ વળી.

'લાલિમા? એનો અર્થ શું થાય?'

'લાલિમા એટલે લાલી, લાલાશ! ઊગતાં સૂરજનો રંગ!'

'પણ આપણાં અધકચરાં બૈરાં તો એને 'લાલી-મા' કહે : ડોશીમા જેવું લાગે તમારૂં આ નામ!'

'તો પછી ઈંદિરા જ રાખોને, લક્ષ્મી જ માનો છો તો દીકરીને લક્ષ્મી કે ઈંદિરા જ -'

> **એ રાજી રાજી થઇ ગયા, 'અનામિકા એટલે આંગળી?' એ પૂછવા લાગ્યા. મેં કહ્યું : 'જી, અનામિકાનો શાબ્દિક અર્થ તો 'નામ વગરની' - એવો જ થાય!'**

'ઈંદિરા તે રખાતું હશે! નરેન્દ્ર મોદીના રાજમાં? નાહકની મારે કટોકટી વહોરવાની?'

'એમનાં ચહેરા પર ગુનેગાર જેવો ફફડાટ વરતાઈ રહ્યો. મેં આરાધના અંગના અંબિકા, અંબાલિકા, આશાપુરા, ઈષા, ઐશ્વર્યા જેવાં અનેક નામો સૂચવ્યાં અને પ્રિયંકા એ પૈકી જે પસંદ કરે એ પાડી દેવાનું કહી શબ્દકોશ અભેરાઈએ ચડાવી દીધો.' ભાણાભાઈને પણ એટલું તો સમજાઈ ગયું હતું કે મામો કંટાળ્યો છે. મેં એમને સમાપન કરતાં મોઢું હસતું રાખીને કહ્યું : તમારી ઈચ્છા તો એનું રૂપ અપ્સરા જેવું ખીલે એવી જ હોય ને! તમે ઈચ્છા નામ રાકી શકો, પણ એ તો - તમારાં સાસુનાં વડસાસુનું નામ હતું. તમારી નવી નક્કોર ૧૨-૧૨-'૧૨ના રોજ સિઝેરિયનથી જન્મેલી દીકરીને એ શાનું શોભે? એમ કરો, એનું નામ અપ્સરા પાડો!'

'અપ્સરા નામ તો સારૂં લાગે છે.' થોડું વિચારીને એમણે વાંધો રજૂ કર્યો : 'પણ એને તો ઈંદ્રના દરબારમાં નૃત્ય જ કરવાનું ને!' એમની ખાનદાની ક્ષત્રિય વટને પોતાની લાડકી આછાં પાતળાં પારદર્શક વસ્ત્રોમાં કોઈની સામે નાચે, એ પસંદ ન પડ્યું. છોકરી પેદા કરતાં જેટલો એની મમ્મીએ શ્રમ નહીં પડ્યો હોય એટલો, એનું નામ શોધવામાં છોકરાના પપ્પાને પડી રહ્યો હતો!

'તો પછી એક જ નામ બચે છે : અનામિકા!' મેં એમને અનામિકા આંગળી બતાવીને કહ્યું : 'દીકરી તમને રાજતિલક કરવા જન્મી છે, શુકનિયાળ છે - એવો અર્થ નીકળશે!'

એ રાજી રાજી થઈ ગયા. 'અનામિકા એટલે આંગળી?' એ પૂછવા લાગ્યા. મેં કહ્યું : 'જી, અનામિકાનો શાબ્દિક અર્થ તો 'નામ વગરની' - એવો જ થાય!'

એટલે આપણે એનું નામ જ નહીં પાડવાનું - એવો જ અરથ થયો ને!' એ હસ્યા : 'વાહ રે વાહ મારી નામ વગરની લાડકી! મામાએ કેવું સરસ નામ શોધી આપ્યું તારે માટે!' અમે ચા પી રહ્યાં હતા ત્યાં ઓચિંતો એમનો મોબાઈલ રણક્યો. એ એકાએક ગમગીન બની ગયાં. પ્રિયંકા રડસમ અવાજે કહી રહી હતી : બેબી તો... નેપછી ઠૂઠવો. ઘડીક અમે બેઉ પૂતળાં બની એકમેકની સામે જોઈ રહ્યાં. 'અનામિકા...!' એમની આંખમાંથી આંસુ ખરી પડ્યાં : 'વાલામૂઈ, પૂરૂં નામ તો પાડવા દેવું'તું! આટલી બધી ઉતાવળ હતી તો આવી'તી જ શું કામ?

- એક બાના વિલાપ સામે મારી પાસે આશ્વાસનના શબ્દો ખૂટી ગયા હતા.

# જે પિતાઓ તેમના બાળકોના શાળાકીય શિક્ષણમાં સક્રિય રસ લે છે, શાળાના વાલી સભાઓમાં નિયમિત ભાગ લે છે અને બાળકની શૈક્ષણિક પ્રગતિની પણ જાતે દેખરેખ રાખે છે, તેમનાં બાળકો ભણવામાં ઊંચી ગ્રેડ લાવતાં હોય છે

## હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

ઈતિહાસે બાળકના ઉછેરમાં માતાની ભૂમિકા અને મહિમાનો વળી વળીને સ્વીકાર કરેલો છે, પણ પિતા સાવ અપેક્ષિત હોય એમ લાગે છે. માતાનું માતૃત્વ કુદરતી છે, કેમ કે એના લોહીમાં માતૃત્વના અંતઃસ્ત્રાવો આવેલા હોય છે, જયારે પિતાઓમાં આ આવડત નૈસર્ગિક નથી પણ સામાજિક ઉછેર દરમિયાન તેમને વારસામાં મળેલી છે, તેથી માતા બાળકનો ગર્ભ ધારણ કરે છે, તેને જન્મ આપે છે, સ્તનપાન કરાવે છે. બાળકને સૂકામાં સુવાડી પોતે ભીનામાં સૂએ છે, બાળકને પ્રેમ અને વાત્સલ્ય આપે છે. આ બધું એના લોહીમાં છે. કેમ કે, કુદરતે એને એ માટેના અંતઃસ્ત્રાવોની ભેટ આપેલી છે.

પણ આધુનિક સંશોધનો આ સિધ્ધાંતોનો વિરોધ કરે છે. અત્યાર સુધી પરંપરાગત રીતે જે માનવામાં આવતું હતું તેનાથી વિપરિત પિતાએ પણ પોતાની પાલક તરીકેની ભૂમિકા ભજવવા માટેની જૈવિક પૂર્વ તૈયારી ધરાવતા હોય છે. પિતૃત્વ કેવળ સામાજિક કે સાંસ્કૃતિક વારસો નથી તેના ઘણાં અંશો નૈસર્ગિક છે.

પુરૂષોના શરીરમાં ટેસ્ટોસ્ટીરોન નામનું રસાયણ હોય છે. આ અંતઃસ્ત્રાવને પુરૂષોની જાતિય વૃત્તિ, પુરૂષત્વનાં લક્ષણો અને આક્રમકતા સાથે સંબંધ છે. પણ ટેસ્ટોસ્ટીરોનના પ્રભાવને કારણે પિતા બાળકને વહાલ ન કરે એની ભૌતિક જરૂરિયાતો પોષે ખરા! આની સરખામણીમાં સ્ત્રીઓના લોહીમાં સ્ટ્રોજન અને પ્રોલેકટિન નામનાં અંતઃસ્ત્રાવોને કારણે માતાઓનો તેમનાં બાળકો પ્રત્યેનો વ્યવહાર વહાલ ભરેલો અને પોષક હોય છે. સ્ત્રી અને પુરૂષના લોહીમાં જૈવ રાસાયણિક ભેદ નૈસર્ગિક અને સ્પષ્ટ હોય છે. તેવી સમજ અત્યાર સુધી પ્રવર્તતી હતી.

પણ આધુનિક અભ્યાસોએ આ માન્યતાને ખોટી ઠેરવી છે. કેથેરિન વાયને - એડવર્ડઝ નામના જીવવિજ્ઞાન પ્રાધ્યાપકે હાલમાં કરેલા શ્રેણીબધ્ધ અવલોકનમાં એવું જોવા મળ્યું છે કે, બાળકના જન્મથી ફરતેનાં કેટલાંક અઠવાડિયાઓ દરમિયાન પિતાના લોહીમાં ટેસ્ટોસ્ટીરોન નામક પુરૂષ પ્રજનન અંતઃસ્ત્રાવનું પ્રમાણ ઘટે છે અને ઈસ્ટ્રોજન તેમજ પ્રલિકેટિન જેવાં મહિલા પ્રજનન રસાયણોની માત્રામાં અસાધારણ ઉછાળો આવે છે.

પ્રલિકેટિન સ્ત્રીઓમાં બાળજન્મ પશ્ચાત ધાવણનો સ્ત્રાવ પેદા કરે છે. પ્રાણીઓ અને પક્ષીઓના લોહીમાં આ રસાયણ જોવા મળે છે.

માદા પક્ષી ઈંડા મુકવાનો સમય નજીક આવતાં જ માળો બાંધવા મંડી પડે છે. એ વર્તન પ્રલિકેટિન પ્રેરિત છે. એલિસન ફલેમિંગ નામના મનોવિજ્ઞાનીઓએ એવું નોંધ્યું છે કે પ્રલિકેટિનની ઊંચી માત્રા ધરાવતાં પુરૂષો નવજાત બાળકના રૂદન સામે વધારે સભાનતા બતાવે છે જયારે ટેસ્ટોસ્ટીરોનની નીચી માત્રા તેમને રડતા બાળકને જોઈ ત્વરિત પ્રતિભાવ આપવાની પ્રેરણા આપે છે.

પિતાઓની સામાજિક ભૂમિકા પણ બદલાઈ રહી છે. ઈ.સ. ૧૯૭૦ના દાયકા પછીના પિતાઓ પોતાના બાળકોને વધારે સમય આપે છે. તેમની જરૂરિયાતોને વધારે સારી રીતે સમજતાં થયા છે. એવું અવલોકન કરવામાં આવ્યું છે.

જંતુઓથી માંડીને મનુષ્ય સુધીના જીવોના શરીરમાંથી ફિરોમોન્સ નામના રાસાયણિક સંકેતો પેદા થતા હોય છે. પુરૂષોના લોહીમાં રહેલાં ફિરોમોન્સને તેમની પુત્રીઓમાં ઋતુધર્મ બેસવાની ઉંમર સાથે સંબંધ છે. એવું એક રસપ્રદ અવલોકન કરવામાં આવ્યું છે જે કિશોરીઓ તેમના જૈવિક પિતા વિના જીવતી હોય છે. તેમનાં શરીરમાં કિશોરાવસ્થામાં જાતીય પરિવર્તનો સરેરાશ ચાર માસ ઈંડા પેદા તથા હોય છે. પિતાનું ફિરોમોન તેની બાળકીના શરીરમાં જાતીય પરિપક્વતાના ફેરફારોને સહેતુક મંદ કરતાં હોય છે. આ ફિરોમોનને કારણે પિતા પુત્રી વચ્ચે જાતીય આકર્ષણ પેદા થતું નથી. ફિરોમોન રસાયણોનું સૌથી વધારે પ્રમાણ પુરૂષોની બગલમાં થતાં પ્રસ્વેદમાં જોવા મળે છે. છોકરીઓનાં જાતીય વિકાસ સાથે તેને સીધો સંબંધ છે એવું રોબર્ટ મેચોક નામના સંશોધકે અમેરિકન જર્નલ ઑફ હ્યુમન બાયોલોજી નામના સામયિકમાં ટાંક્યું છે.

પિતૃત્વની ખાસિયતો માતૃત્વ કરતાં ઘણી રીતે ભિન્ન છે એવું આધુનિક સંશોધકોએ તારણ કાઢ્યું છે. માતાનું કાર્ય બાળકને શાંત કરવાનું છે. જયારે પિતા તેને ઉત્તેજન અને રોમાંચ પૂરાં પાડે છે. પિતા બાળકને જોખમ લેતા અને સાહસ કરતાં શીખવે છે, તો માતા બાળકની સલામતીની આંતરિક ભીતિને કારણે સાચવીને ચાલવા કહેતી હોય છે. એવું નથી કે માતાઓ જ બાળકને પ્રેમ કરતી હોય છે પિતાઓનાં હૃદયમાં પણ તેનાં સંતાનો પ્રતિ વહાલ હોય છે સાથે તેઓ તેમને સ્વતંત્ર બનવાની ઝંખના અને પ્રેરણા પણ પુરી પાડે છે.

જે પિતાઓ તેમના બાળકોના શાળાકીય શિક્ષણમાં સક્રિય રસ લે છે. શાળાના વાલી સભાઓમાં નિયમિત ભાગ લે છે અને બાળકની શૈક્ષણિક પ્રગતિની પણ જાતે દેખરેખ રાખે છે, તેમનાં બાળકો ભણવામાં ઊંચી ગ્રેડ લાવતાં હોય છે, પોતાની શાળાને વધારે પ્રેમ કરે છે. અને શિક્ષણેત્તર પ્રવૃત્તિઓમાં વધારે ઉલટભેર ભાગ લેતા હોય છે. આ સંતાનો વધારે મળતાવડાં અને લોકપ્રિય બને છે. તેમને તેમના સહાધ્યાયીઓ મિત્રો સાથે વધારે બનતું હોય છે. કેનેડામાં ૨૦૦૨માં કરવામાં આવેલા એક અભ્યાસમાં તો એવું પણ જાણવામાં આવ્યું છે કે જાગરૂત પિતાનાં કિશોર વયનાં સંતાનો કાયદા અને પોલીસની અડફેટમાં ઓછાં આવે છે. તેમની અંદર બિન જવાબદારી ભરેલું જાતીય વર્તન પણ જવલ્લે જોવા મળે છે. અમેરિકાના ૨૦૦૪ના એક સંશોધન અનુસાર પિતાઓ તેમની પુત્રીઓના રમત-ગમત, કળા, સંગીત અને વચનમાં પોતાનું કાઠું કાઢી જાય છે.

આજે પિતાઓ તેમની વ્યાવસાયિક અને આર્થિક મહત્ત્વાકાંક્ષાઓ પોષવા માટે કુટુંબની ઘણે દૂર વસે છે પણ તેમના સદનસીબે આધુનિક ટેકનોલોજીની ખીલવણીને કારણે તેમને ઈ-મેઈલસ, વિડિયો કૉન્ફરન્સ, વેબસાઈટ ઈત્યાદિનો લાભ મળ્યો છે. તેથી તેઓ તેમનાં બાળકોના અત્યંત નિકટના સંપર્કમાં રહી શકે છે.


યુનિવર્સિટી ઑફ ઈલિનોઈસના સમાજ શાસ્ત્રી રીડ લાર્સન અને ચંડીગઢની ગર્વમેન્ટ હોમ સાયન્સ કૉલેજના સુમન વર્માએ એક સહિયારો અભ્યાસ કર્યો છે જેનાં અવલોકનો ઈન્ડિયન જર્નલ ઑફ સોશ્યલ વર્કમાં પ્રગટ થયા છે. તેમણે નોંધ્યું છે કે, ભારતીય પિતાઓ અમેરિકી પિતાઓની તુલનામાં તેમનાં સંતાનોની વધારે નજીક છે. અમેરિકી પિતાઓ વધારે કારકિર્દી અને વ્યવસાય લક્ષી છે. જયારે ભારતીય પિતાઓ તેમનાં વ્યાવહારિક અને કુટુંબ જીવનને સ્પષ્ટ જુદાં રાખે છે. અમેરિકાના કિશોરો તેમના માતા-પિતા સાથે ઘણો ઓછો સમય ગાળે છે. પુત્રીઓ તેમના પિતા સાથે ભાગ્યે જ વાત કરતી હોય છે તેથી વિપરીત ભારતીય પિતાઓની તેમના તરૂણો સાથેનાં સંબંધોની ગાંઠ વધારે મજબૂત છે. કિશોર વયનાં સંતાનો, ખાસ કરીને તેમના પિતા સાથે ફિલોસોફી, જીવનમૂલ્ય, રાજકારણ, સામાજિક જીવન અને ભવિષ્ય સંબંધી અને રસપ્રદ ચર્ચા લંબાણે કરતાં હોય છે.

## આજના દિવસનો મહિમા


- ભાનુપ્રસાદ એસ. દવે

### ૩૧મી ડિસેમ્બર

- નૃસિંહપ્રસાદ ભટ્ટ (નાનાભાઇ ભટ્ટ)ની પુણ્યતિથિ - ૧૯૬૧. ભાવનગરમાં 'દક્ષિણામૂર્તિ'ના સ્થાપક. રામાયણ-મહાભારતના પાત્રોના સુંદર પુસ્તકો આપ્યા. લોકભારતી નામની ગ્રામવિદ્યાપીઠ ઉભી કરી.



- ૧૯૦૯ - માર્કોનીને વાયરલેસની શોધ માટે નોબેલ પારિતોષિક મળ્યું.
- ૧૯૧૧ - બાહ્યમાં અવકાશમાં વિકિરણની શોધ વેક્ટર ફ્રાન્સીસ (ઓસ્ટ્રીયા)એ કરી.



- ફ્રાન્સના પ્રખ્યાત લેખક તત્ત્વજ્ઞ શાંતિચાહક રોમારોલાનું અવસાન.

# કાલાપાનીની સજા ભોગવનાર ક્રાંતિવીરોની પ્રેરક કથાઓ

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

આપણા રોમ રોમ કાંપી ઊઠે તેવી યાતના ભર્યું જીવન સ્વતંત્રતા ક્રાંતિવીરોએ ભોગવ્યું હતું. આઝાદી પછી આ બધા ભુલાઈ ગયા. જે લોકો અહિંસક કાર્યકર્તાઓ હતા તે પણ જેલમાં ગયા હતા. પણ તેમાંથી કોઈને ફાંસી કે કાલાપાનીની જેલ થઈ હોય તેવું સાંભળવા મળતું નથી. આઝાદી પછી તેમનું બહુમાન થયું. તેમના પેન્શન બંધાયા, રેલ્વેના પાસ મળ્યા. બીજું પણ ઘણું મળ્યું. પણ ફાંસીએ લટકનારા કે 'કાલાપાની'ની સજા ભોગવનારા સ્વાતંત્ર્ય વીરોનેને કાંઈ મળ્યું હોય તેવું જાણવા મળતું નથી.

'કાલાપાની'માં સેંકડો લોકો પુરાતા હતા અને કઠોર સજાથી રિબાયા હતા. તેમાંથી થોડાક ક્રાંતિવીરોનું ચિત્રણ કરતું પુસ્તક આપણને સ્વામી સચ્ચિદાનંદજી દ્વારા પ્રાપ્ત થાય છે. આ ક્રાંતિવીરોને યાદ કરીને તેમના જીવનમાંથી કોઈ પ્રેરણા લઈ શકે તેવા ઉમદા હેતુથી આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.




'કાલાપાની' પુસ્તકની ભૂમિકા બાંધી આપતાં સ્વામીજી કહે છે કે, સજા માત્ર દુઃખદાયી હોય છે. તે સજાથી બચવા લોકો પ્રયત્ન કરતા હોય છે. સજા પાંચ સ્થળેથી મળતી હોય છે,

(૧) કુદરતી સજા
(૨) ધર્મ સજા
(૩) સમાજ સજા
(૪) પરિવાર સજા
(૫) સરકારી સજા.

તેમાં અંગ્રેજોના સમયમાં એક નવી સજાનો ઉમેરો થયો. તે સજા હતી કાલાપાનીની. ફાંસીથી ઉતરતી આ સજા બંગાળના ઉપસાગરમાં આવેલા નિર્જન ટાપુ આંદામાન નિકોબાર વગેરેને અંગ્રેજોએ કબજે કર્યા અને ત્યાં 'કાલાપાની'ની વ્યવસ્થા કરી.

હાલમાં તો એક પ્રવાસન સ્થળ તરીકે આ ટાપુઓ વખણાવા લાગ્યા છે. ડિસેમ્બર માસમાં એલ.ટી.સી.નો બ્લોક મેળવી ઘણા સરકારી કર્મચારી/અધિકારીઓ ત્યાં ફરવા જાય છે. પરંતુ એક સમયે ભારતથી દૂર નિર્જન જંગલમાં કેદીને સેલ્યુલર જેલની કાળી કોટડીમાં ધકેલી દેવાતો. આ જેલ અત્યારે એક ઐતિહાસિક સ્થળ તરીકે જોવા માટે ઘણા લોકો જાય છે. તેની વ્યવસ્થા એવી હતી કે કોટડીમાં પુરાયેલા કેદીને કશું દેખાય નહીં. હવા માટેની સાવ નાની બારી, તે પણ સાત-આઠ ફૂટ ઊંચી, તેમાંથી હવા તો આવે પણ કશું જોઈ શકાય નહીં. આવી કોટડીમાં પુરૂં જીવન પસાર કરવું એ કેટલું અસહ્ય થઈ જાય! બહુ થોડું માપનું જ પાણી મળે અને ઝાડો પેશાબ પણ કરવા પડે તો કોટડીના જ વાસણોમાં કરવાના. કોઈની સાથે કશી વાતચીત નહીં. કશું દેખાય નહીં. આવી કોટડીમાં ક્રાંતિવીરો એ વર્ષો કાઢેલાં. કેટલાકે તો પુરૂં જીવન પસાર કર્યું હતું. શું થયું હશે તે વિચારી જુઓ?

પાછું દિવસે સખત મજુરી કરવાની, તેલની ઘાણીઓ ચલાવવાની, નક્કી કરેલું તેલ કાઢવું જ પડે. આ ઘાણીઓ અત્યારે પણ ત્યાં જોવા મળે છે. કેદીઓ ઉપર જાત જાતના જુલ્મો થાય. તેમને નગ્ન કરી ફટકા મારવામાં આવે. ઊભા ડંડાવાળી બેડી પહેરાવાય, સાંકડી બેડી પહેરાવાય. જેથી માત્ર છ ઈંચ જ ડગલું ભરી શકાય. અઢી ફૂટના બોક્સમાં પુરી દેવાય. જેમાં દિવસો અને મહિનાઓ સુધી ટૂંટીયું વાળીને જ રહેવાય, ક્રાંતિવીર વિનાયક દામોદર સાવરકર આ જેલમાં વર્ષો સુધી રહ્યા હતા. તેમના સગાભાઈ ગણેશ સાવરકર પણ અહીં જ રહ્યા હતા. એક વર્ષ સુધી બંને ભાઈઓને એકબીજાને અહીં રહેવાની ખબર પડી ન હતી. તે ઉપરાંત બીજા ક્રાંતિવીરો પણ તેમની સાથે હતા તે બધાની યાતના અને જુલ્મોની કહાનીઓ સ્વામીજીએ આ પુસ્તકમાં આલેખી છે. તે વાંચતા કોઈનું પણ હૈયું હચમચી જાય તેવી છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)